**આંક–**

<table>
<tr><td colspan="4">કેસ દાખલ તારીખ</td><td colspan="4">૦૪.૦૭.૨૦૨૪</td></tr>
<tr><td colspan="4">કેસ પ્રાપ્ત તારીખ</td><td colspan="4">૦૪.૦૭.૨૦૨૪</td></tr>
<tr><td colspan="4">કેસ ફેસલ તારીખ</td><td colspan="4">૨૨.૦૪.૨૦૨૬</td></tr>
<tr><td>અવધી</td><td>૦૧</td><td>વર્ષ</td><td>૦૯</td><td>માસ</td><td>૧૮</td><td>દિવસ</td></tr>
</table>

## ધોળકાના મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.

ફોજદારી કેસ નંબર ૨૭૨૮/૨૦૨૪

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર.**

// **વિરુદ્ધ** //

**આરોપીઃ–** રાજાભાઇ કરશનભાઈ સાબડ (રબારી)
રહે. સુદામડા, તા.સાયલા, જી.સુરેન્દ્રનગર.

**બાબતઃ–** ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૨૦(બી) મુજબ.

ફરિયાદ પક્ષ તરફે વિ.વ. શ્રી **કે.જી.વાઘેલા.**

આરોપી પક્ષ તરફે વિ. વ. શ્રી **એમ.એમ.શેખ.**

## // ચુ કા દો //

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ગઇ તા.૧૫.૦૧.૨૦૨૨ ના રોજ કલાક ૧૮.૦૦ વાગ્યે આ કામના કોઇ અજાણ્યા ઇસમે ફરીયાદીના સાહેદ તેમના શેઠના બંધ મકાનના તાળા તોડી અંદર પ્રવેશ કરી ઘરમાં આવેલ ઘરવખરીનો સામાન એક એલ.ઇ.ડી. કિંમત રૂા.૨૦,૦૦૦/– તથા એક ઘરઘંટી કિંમત રૂા.૮,૦૦૦/– તથા હોમ થીયેટર કિંમત રૂા.૨,૦૦૦/– મળી કુલ કિંમત રૂા.૩૦,૦૦૦/– ની મત્તાની ચોરી કરી લઇ જઇ ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ સંબંધિત પો.સ્ટે.માં નોંધાવતા, સદર ફરિયાદ નોંધી લેવામાં આવેલ

અને ફરિયાદ તપાસ કરનાર અમલદારને તપાસ કરવા માટે ડેપ્યુટ થતાં, તપાસ કરનાર અમલદાર દ્વારા ફરિયાદ અન્વયે તપાસ કરેલ, જેમાં આરોપીઓ સામે તપાસ કરતાં, પુરતો પુરાવો મળી આવતા, સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારું નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.

(૨) ફરીયાદીની સદર ફરીયાદ રજીસ્ટરે દાખલ કરી આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ મુજબ સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો છે જેની ધોરણસરની બજવણી આરોપીને થતાં ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૨૦૭ મુજબ આરોપીને ફરીયાદ પક્ષના તમામ દસ્તાવેજી પુરાવાઓ વિના મૂલ્યે પુરા પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક–૪ થી તહોમતનામુ ઘડવામાં આવેલ. ત્યારબાદ આરોપીની ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૧ પ્લી આંક–૫ થી લેવામાં આવતાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો સ્પષ્ટપણે ઈન્કાર કરતાં ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખીક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | સાહેદોની વિગત | સાહેદોના નામ | આંક |
|---|---|---|---|
| ૧ | ફરીયાદીની જુબાની | શૈલેષકુમાર રતીલાલ ઠાકોર | ૦૮ |
| ૨ | સાહેદની જુબાની | પાર્થિવબાઈ રમેશભાઈ શાહ | ૧૦ |

(૪) ફરિયાદ પક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| (૧) | ફરીયાદ | ૦૯ |
| (૨) | મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું | ૧૨ |
| (૩) | આરોપીની અંગઝડતી કર્યાનું પંચનામુ | ૧૩ |
| (૪) | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું | ૧૪ |
| (૫) | ડીસ્કવરી પંચનામું | ૧૫ |

(૫) ફરીયાદ પક્ષે આંક-૧૬ ની પુરસીસ આપી પોતાનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૧૩ હેઠળ વધારાનું નિવેદન રેકર્ડ કરવાની જરૂરીયાત જણાતી ના હોય વિશેષ નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ નિર્દોષ હોવાનું જણાવેલ. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી.શ્રીને તથા આરોપી તરફે વિ. વકીલશ્રી ને સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે ફરીયાદના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

***(૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૧૫.૦૧.૨૦૨૨ ના રોજ કલાક ૧૮.૦૦ વાગ્યે આ કામના કોઈ અજાણ્યા ઈસમે ફરીયાદીના સાહેદ તૌના શેઠના બંધ મકાનના તાળા તોડી અંદર પ્રવેશ કરી ઘરમાં આવેલ ઘરવખરીનો સામાન એક એલ.ઈ.ડી. કિંમત રૂા.૨૦,૦૦૦/- તથા એક ઘરઘંટી કિંમત રૂા.૮,૦૦૦/- તથા હોમ થીયેટર કિંમત રૂા.૨,૦૦૦/- મળી કુલ કિંમત રૂા.30,૦૦૦/- ની મત્તાની ચોરી કરી ગુનો કર્યા ભારતીય દંડ સંહિતાની કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૨૦(બી) મુજબનો ગુનો કરેલ છે?***

***(૨) શું હુકમ ?***

(૭) ઉપરોકત મુદ્દા નાં કારણો નીચે મુજબ છે.

***(૧) નકારમાં.***

***(૨) આખરી હુકમ મુજબ.***

***//નિર્ણય માટેના કારણો //***

(૮) **મુદ્દા નંબર ૧ ની ચર્ચા:-** આ કામે આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ--૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૨૦(બી) મુજબના શિક્ષાને પાત્ર ગુનાની ફરીયાદ દાખલ થયેલ છે. આ સંજોગોમાં ફરીયાદ પક્ષ તરફે ભારતીય દંડ સંહિતાની કલમ-૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૨૦(બી) મુજબની જોગવાઈના આવશ્યક તત્વો નિઃશંકપણે પુરવાર કરવાના રહે છે. ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ (સંક્ષિપ્તમાં"પુરાવા અધિનિયમ")ની કલમ-૧૦૧ અન્વયે પુરાવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર છે.

(૯) આ કામે ફરીયાદ પક્ષે આંક–૮ થી ફરીયાદી શૈલેષકુમાર રતીલાલ ઠાકોરે સોગંદ પરની જુબાનીમાં જણાવેલ કે, આશરે ચારેક વર્ષ પહેલા તેમના શેઠ ગૌતમભાઈ શાહ અને પાર્થિવભાઈ શાહનું કલીકુંડ સોસાયટીમાં આવેલ મકાનમા ઘરની પાછળના દરવાજાનું તાળુ તોડી ચોરી થયેલ અને તેમના શેઠ અમદાવાદ રહેતા હોઈ તેઓએ તેમને ફોનમાં જાણ કરેલ અને તેઓ ધોળકા આવી ઘરમાં તપાસ કરતા ઘરમાંથી એલ.જી. કંપનીનું એલ.ઈ.ડી. ઘરઘંટી તથા હોમ થીયેટરની ચોરી થયેલી જેથી આ બનાવની તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલી. જે આંક–૯ થી રજૂ ફરીયાદમાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ. તેમજ મકાનમાંથી ચોરી કોણે અને કઇ રીતે કરેલી તેની તેમને ખબર નથી તેમ જણાવેલ. ત્યારબાદ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાત સ્વીકારેલ કે ચોરી કોણે કરેલી તેની તેમને જાતમાહિતી નથી. તેમજ પોલીસે એલ.જી.કંપનીનું એલઇડી, ઘરઘંટી તથા હોમ થીયેટર કોની પાસેથી કબજે લીધેલ તેની તેમને જાતમાહિતી નથી. તેમજ તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમ જણાવેલ.

(૯) આ કામે ફરીયાદ પક્ષે આંક–૧૦ થી સાહેદ પાર્થિવભાઈ રમેશભાઈ શાહે સોગંદ પરની જુબાનીમાં જણાવેલ કે,આશરે ચારેક વર્ષ પહેલા તેમના કલીકુંડ સોસાયટીમાં આવેલ મકાનમા ઘરની પાછળના દરવાજાનું તાળુ તોડી ચોરી થયેલ અને તેઓ અમદાવાદ રહેતા હોઇ તેમના ઘરની સાર સંભાળ રાખનાર શૈલેષકુમાર રતિલાલ ઠાકોરે તેમને ફોનમાં જાણ કરેલ જેથી તેઓ ધોળકા આવી ઘરમાં તપાસ કરતા ઘરમાંથી એલ.જી. કંપનીનું એલ.ઈ.ડી. ઘરઘંટી તથા હોમ થીયેટરની ચોરી થયેલી જેથી આ બનાવની શૈલેષભાઈ ઠાકોરે પોલીસમાં ફરીયાદ આપેલી. પોલીસે તેમનો જવાબ લીધેલો. તેમજ મકાનમાંથી ચોરી કોણે અને કઇ રીતે કરેલી તેની તેમને ખબર નથી તેમ જણાવેલ. ત્યારબાદ બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવતા તેઓએ એ વાત સ્વીકારેલ કે ચોરી કોણે કરેલી તેની તેમને જાતમાહિતી નથી. તેમજ પોલીસે એલ.જી.કંપનીનું એલઇડી, ઘરઘંટી તથા હોમ થીયેટર કોની પાસેથી કબજે લીધેલ તેની તેમને જાતમાહિતી નથી. તેમજ તેઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેમ જણાવેલ.

(૧૦) ભારતીય પુરાવા અધીનીયમની વીવીધ જોગવાઈઓ મુજબ શ્રેષ્ઠ પુરાવો રજુ કરવાનો નીયમ એ આપણા ફોજદારી ન્યાયીક કાર્યવાહીનો મહત્વપુર્ણ નીયમ છે. આ

નીયમ ફોજદારી કાર્યરીતીમાં મહત્વનો ભાગ ભજવે છે અને ભારતીય ફોજદારી ન્યાય પ્રણાલીએ પણ જયાં સુધી આરોપી શંકાથી પર રહીત ગુનેગાર સાબીત ન થાય ત્યા સુધી તે નીર્દોષ છે તેમ માનવાનું સ્વીકારેલ છે. જેથી ફરીયાદપક્ષ પર શ્રેષ્ઠ પુરાવો રજુ કરવાનું ભારણ મુકાયેલ છે. શ્રેષ્ઠ પુરાવાનો નીયમ એવું પણ જણાવે છે કે ફરીયાદપક્ષ પાસે જયાં સુધી સર્વોત્તમ અને ઉચ્ચ પુરાવો હોય અથવા રજુ થઈ શકતો હોય ત્યા સુધી નીમ્ન પુરાવો કેસની હકીકત સંબંધે આપવો જોઈએ નહી.

વીશેષમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પણ Mohan Lal Shamlal Soni vs Union Of India And Another decided on 22 February, 1991 (1991 AIR 1346) માં ઠરાવેલ છે કે,

It is a cardinal rule in the law of evidence that the best available evidence should be brought before the Court to prove a fact or the points in issue.

આમ, આરોપીએ ફરીયાદીના કબજાની ઘરમાં અનધિકૃત ગૃહપ્રવેશ કરી આક્ષેપીત ગુનો કરેલાનું ફરીયાદપક્ષે રજુ પુરાવો જોતા જણાય આવતું નથી. વળી, આક્ષેપીત ગુનાના પુરવાર કરવાના જરૂરી તત્વો જેમ કે જંગમ મીલકત સંમતી વીના ખસેડવાનો પ્રયાસ, દુકાનમાં આ કૃત્ય થયેલ હતું તેમજ ચોરી કરવા બાબતે કોઈ કૃત્ય થયેલ હતું તેવો કોઈ પુરાવા શંકાથી પર રહી માની શકાય તેવા રજુ થયેલ નથી. વળી ચોરી થયેલ તે વસ્તું ફરીયાદીની માલીકી હતી તેવો પણ કોઈ પુરાવો આ કામે રજુ ન હોય, પુરાવાઓની ગેરહાજરીમાં આક્ષેપીત ગુનો ભારતીય દંડ સં હિતાની કલમ ૩૮૦, ૪૫૭, ૪૫૪, ૧૨૦(બી) મુજબનો ગુનો મુજબનો ગુનો કરેલો હોય તે બાબતે આરોપીની પ્રત્યક્ષ યાં પરોક્ષ સંડોવણી નિ:શંકપણે પુરવાર કરી શકતા ન હોય, આ સાંયોગિક પુરાવાનું મુલ્ય ઘટી જાય છે. જેથી પડેલ પુરાવો જોતા ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી

શકેલ નથી તેવા તારણ ઉપર આ અદાલત આવે છે, જેથી મુદ્દા નં.૧ પરત્વેનો નિર્ણય નકારાત્મકમાં આપવામાં આવે છે અને આ અદાલતે કરેલ ઉપરોકત ચર્ચા અન્વયે આપેલ કારણો અને આવેલ તારણોને આધારે મુદ્દા નં.ર પરત્વેનો નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## // આખરી હુકમ //

(૧) આ કામે આરોપી રાજાભાઈ કરશનભાઈ સાબડ (રબારી) રહે. સુદામડા, તા.સાયલા, જી.સુરેન્દ્રનગરનાને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ –૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૨૦(બી) મુજબનાં ગુના સબબનાં કામે પુરતા પુરાવાનાં અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આથી આરોપીને આદેશ આપવામાં આવે છે કે સી.આર.પી.સી. કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/–જાત જામીન તથા તેટલીજ રકમના સધ્ધર જામીન હુકમની તારીખથી છ માસ માટેની સમય મર્યાદા માટે રજુ કરવા.

(૩) મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા આરોપીની એન.ઓ.સી. ને ધ્યાને રાખી મુદ્દામાલ તેના માલિકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૨૨મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૨–૦૪–૨૦૨૬
સ્થળઃ ધોળકા

**(એન. બી. મુનશી)**
એડી. ચીફ. જ્યુડીશિયલ મેજી., ધોળકા.
**યુનીક કોડ નં. જી.જે.૦૦૭૩૫**

આર જે.ગોહેલ (પી.એ.)